**આકાશવાણી-ભુજ**

**સમાચાર વાચક:- અશરફ નથવાણી**

**કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી**

**તારખ:૨૦-૧૦-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે**

---

## રાષ્ટ્રપતિ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અલ્જીરિયા, મોરિટાનિયા અને માલાવી એમ ત્રણ દેશોની મુલાકાત પૂરી કરીને માલાવીથી નવી દિલ્હી રવાના થયા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની ત્રણ આફ્રિકન દેશોની મુલાકાતે ભારતના ઐતિહાસિક સંબંધોમાં એક નવો અધ્યાય ઉમેર્યો છે. આ ત્રણ આફ્રિકન દેશોની રાષ્ટ્રપતિની પ્રથમ મુલાકાત હતી. એક સપ્તાહ લાંબી મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તમામ 3 દેશોના નેતૃત્વ સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી અને ભારતીય મૂળના લોકો સાથે વાતચીત કરી. આ મુલાકાત આફ્રિકાના દેશો સાથેના વર્તમાન મૈત્રીપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ સંબંધોને વધુ મજબૂત બનાવશે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------

## જીલ્લા સંકલન સહ ફરીયાદ સમિતિ બેઠક

ગઇકાલે જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.પ્રજાપતિના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાઇ હતી.

બેઠકમાં જિલ્લાના સાંસદ તથા ધારાસભ્યો સહિતના પદાધિકારીઓ દ્વારા વીજળી, પાણી, સિંચાઈ, પશુઓની રસી ,આરોગ્ય, શિક્ષણ સહિત પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રશ્નો અંગે જરૂરી સમીક્ષા કરી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સંબંધિત વિભાગોને સમય મર્યાદામાં યોગ્ય કાર્યવાહી કરવા તેમજ પ્રજાને

પડતી સમસ્યાઓને પણ તાત્કાલિક ધોરણે નિવારવા સૂચના આપવામાં આવી હતી.

બેઠકમાં સાંસદ વિનોદભાઇ ચાવડાએ ભુજ સહિતના તમામ શહેરોમાં દિવાળી તહેવારને અનુલક્ષીને સાફ-સફાઇ અંગે રજૂઆત કરી એકશન પ્લાન બનાવવા તાકીદ કરી હતી. સરહદી ધોળાવીરા, ખડીર, નાની બન્ની, બન્ની પચ્છમ, આરી પાર્કથી લઇને લખપતના સરહદી ગામોમાં પાણીનો પ્રશ્ન કાયમી રીતે હલ કરવા સર્વે કરીને નવી યોજના બનાવવા સંબંધિત વિભાગને સૂચના આપવામાં હતી. ઉપરાંત શ્રી ચાવડાએ ઘડૂલી, હાજીપીર, ધોરડો ટેન્ટસીટી વિસ્તાર, ખાવડા રોડ, રોડ ટુ હેવન વગેરે રસ્તા પર સીસીટીવી મુકાવવા જણાવ્યું હતું.

બેઠકમાં પશ્ચિમ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને વિવિધ કચેરીઓના વડા ઉપસ્થિત રહ્યા હતાં.

**(માહિતી ખાતુ/અશરફ નથવાણી)**

----------------------------------------------------------------------

## સ્વચ્છતા હી સેવા

સમગ્ર દેશમાં શહેરોને સ્વચ્છ બનાવવા ચાલી રહેલા સ્વચ્છતા હી સેવા અભિયાનમાં ગુજરાત રાજ્ય દેશભરમાં અગ્રેસર બન્યું છે.

રાજ્યની આ નોંધપાત્ર સિદ્ધિ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, “મહાત્મા ગાંધીએ જે સ્વચ્છ ભારતનું સપનું જોયું હતું તે સાકાર થઇ રહ્યું છે. શહેરોમાં વર્ષોથી પડેલા કચરાના નિકાલમાં ગુજરાત રાજ્ય અત્યાર સુધી કુલ 210 લાખ ટન કચરાનો નિકાલ કરી સમગ્ર દેશમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર રાજ્ય બન્યું છે.

સ્વચ્છ ભારત મિશન ફેઝ-2 અંતર્ગત શહેરોમાં કચરાથી ઘેરાયેલી 698 એકર જગ્યા ખુલ્લી કરાઇ છે. 140 ડમ્પ સાઇટમાંથી 95 ટકા કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. આગામી સમયમાં નગરપાલિકા વિસ્તારની ખુલ્લી થયેલી

સાઇટ પર ઘન કચરાના પ્રોસેસિંગ માટે પ્લાન્ટ બનાવવામાં આવશે જે માર્ચ 2025 સુધીમાં કાર્યરત થઇ જશે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

-----------------------------------------------------------------------

## <u>ખરીફ સીઝન-ટેકાના ભાવે ખરીદી</u>

સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી, મકાઇની ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરવામાં આવશે.

ખરીફ માર્કેટીંગ સીઝન 2024-25 માટે લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઇન નોંધણી સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ ગ્રામપંચાયતમાં બેસતા વીસીઇ મારફતે તાલુકા કક્ષાએ નિગમના ગોદામ ખાતે આગામી તારીખ 31 મી ઓક્ટોબર સુધી ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ કરવામાં આવશે. ટેકાના ભાવે ખરીદી 06 નવેમ્બર થી 15 જાન્યુઆરી દરમિયાન કરવામાં આવશે. નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધારકાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો 7,12,8-અની નકલ, ગામ નમૂના 12માં પાક વાવણી અંગે એન્ટ્રી ન થઇ હોય તો પાકની વાવણી અંગે તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, બેન્ક પાસબૂકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે તેમ જણાવાયું છે. જે ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છુક હોય તેઓની ઓનલાઇન નોંધણી ફરજિયાત હોવાથી સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ગુજરાત રાજ્ય નાગરિક નિગમ લિમિટેડના નાયબ જિલ્લા મેનેજર દ્વારા ખાસ અનુરોધ કરાયો છે.

**(NP/અશરફ નથવાણી)**

-----------------------------------------------------------------------

## <u>લાઈટ હાઉસ ફેસ્ટીવલ</u>

‘ભારત દેખો અપના દેશ’ લાઈટ હાઉસ ફેસ્ટિવલના અવસરે માંડવીના વિન્ડ ફાર્મ બીચ અને રાવળપીર દાદાના બીચ તટે આવેલી બંને દીવાદાંડી પરથી આજે

રવિવારે તા.20 ઓક્ટોબરના પ્રવાસીઓ માટે એક દિવસ માટે નિ:શુલ્ક પ્રવેશ હોવાથી પ્રવાસીઓ નીચે જળ અને ઉપર નભનું નજરાણું માણી શકશે.

**(NP/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------------